| PUBLICATION NAME : | Divya Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 09/11/23 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈ દેવભૂમિ આંત્રપ્રિન્યોરશિપ સ્કીમ હેઠળ છ દિવસના મેન્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ઉત્તરાખંડના પ્રોફેસરોને તાલીમ આપશે

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ અને સ્ટાર્ટઅપ સર્જનને પ્રોત્સાહિત કરવા માટે વિદ્યાર્થીઓને મેન્ટર કરવા હેતુથી ઉત્તરાખંડની ૨૨ યુનિવર્સિટી અને કોલેજના પ્રોફેસરોને તાલીમ આપશે. આ ટ્રેનિંગ પ્રોગ્રામ ઉત્તરાખંડ સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા પ્રાયોજિત દેવભૂમિ આંત્રપ્રિન્યોરશિપ સ્કીમ હેઠળ આવે છે. સંસ્થાના કેમ્પસમાં ૫ નવેમ્બરે આ છ દિવસીય કાર્યક્રમ શરૂ થયો હતો.



પ્રોગ્રામના ભાગ રૂપે ઈનોવેશન, એન્ટરપ્રાઈઝ સર્જન તથા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓ અને તેના લાભો વિશે જ્ઞાનના આદાન-પ્રદાન માટેના સેશન્સ યોજાશે. આ ટ્રેનિંગ પ્રોફેસરોને ટીમ બિલ્ડિંગ અને સંકલનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તૈયાર કરશે અને સર્જનાત્મક વિચારસરણી, ડિઝાઈન વિચારસરણી, બિઝનેસ મોડલ કેનવાસ, બિઝનેસ પ્લાન, સ્ટાર્ટઅપ ઈક્યુબેશન, ફંડિંગ અને ઉદ્યોગસાહસિકતા શિક્ષણની તકનીકોને સુધારવામાં મદદ કરશે. તાલીમ પછી, પ્રોફેસરો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અને નેતૃત્વ કુશળતા વિકસાવવા માટે સજ્જ થશે.